# ખંભાત નગરપાલિકા,ખંભાત

## એજન્ડા નોટીસ

તારીખ.૩૦–૦૧–૨૦૧૮ ને મંગળવારના રોજ બપોરે ૪–૩૦ કલાકે ફાયર વિભાગ બંબાખાના હોલમાં મળનાર જનરલ બોર્ડની સામાન્ય સભામાં કરવામાં આવનાર કામોનાં એજન્ડા.

(૧) તારીખ.૨૧–૦૭–૨૦૧૭ ગત બોર્ડનું પ્રોસીડીંગ મંજુર કરવા બાબત.

(૨) નીચે જણાવેલ કર્મચારીઓ નિવૃત્ત થતાં હોવાથી તેઓને મળવા પાત્ર લાભો આપવા બાબત.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી નવીનભાઈ સોમાભાઈ હરીજન | નિવૃત્ત તારીખ.૩૧–૧૨–૨૦૧૭ |
| (૨) | શ્રી હંસાબેન ગોવિંદભાઈ | નિવૃત્ત તારીખ.૩૧–૧૨–૨૦૧૭ |

(૩) એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૦૮ તા.૧૪–૦૮–૨૦૧૭ થી એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૪૭ તા.૨૯–૧૨–૨૦૧૭ સુધીના ઠરાવો મંજુર કરવા બાબત.

(૪) વોટર વર્કસ કમીટી ઠરાવ નંબર. ૦૨ તારીખ.૧૭–૦૭–૨૦૧૭ થી વોટર વર્કસ કમીટી ઠરાવ નંબર. ૦૩ તારીખ.૨૫–૧૦–૨૦૧૭ સુધીના ઠરાવ મંજુર કરવા બાબત.

(૫) ખંભાત વિસ્તાર વિકાસ સત્તા મંડળ કમીટી ઠરાવ નંબર.૩૨ તારીખ.૦૯–૧૦–૨૦૧૭ સુધીના ઠરાવો મંજુર કરવા બાબત.

(૬) લાઈટ કમીટી ઠરાવ નંબર. ૧૪ તારીખ.૧૩–૦૯–૨૦૧૭ સુધીના ઠરાવ મંજુર કરવા બાબત.

(૭) સેનીટેશન કમીટી ઠરાવ નંબર.૦૧ તા.૩૧–૦૫–૨૦૧૭ થી સેનીટેશન કમીટી ઠરાવ નંબર.૧૨ તા.૩૧–૦૫–૨૦૧૭ સુધીના ઠરાવો મંજુર કરવા બાબત.

(૮) ગુજરાત મ્યુની.એકટ ૧૯૬૩ની કલમ ૭૬(૨)પેરા નં.૨ મુજબ ખંભાત નગરપાલિકાના તારીખ. ૦૧–૦૭–૨૦૧૭ થી તારીખ.૩૦–૦૯–૨૦૧૭ સુધીના ત્રિમાસીક હિસાબો મંજુર કરવા બાબત.

(૯) ગુજરાત મ્યુની.એકટ ૧૯૬૩ની કલમ ૭૬(૨)પેરા નં.૨ મુજબ ખંભાત નગરપાલિકાના તારીખ. ૦૧–૧૦–૨૦૧૭ થી તારીખ.૩૧–૧૨–૨૦૧૭ સુધીના ત્રિમાસીક હિસાબો મંજુર કરવા બાબત.
આ ઉપરાંત ચેરમાંથી રજુ થાય તે બાબત.

ખંભાત નગરપાલિકા. | પ્રમુખ,
તારીખ.૨૦–૦૧–૨૦૧૮ | ખંભાત નગરપાલિકા,ખંભાત

નોધઃ–(૧) બોર્ડની મીટીંગમાં કરવાનાં કામોનાં કાગળો જોવા તથા વાંચવા સારું ઓફીસ ચાલુ હોય તે દિવસો અને રજાના દિવસો દરમ્યાન સવારના ૧૦–૦ થી ૧૨–૦ સુધી ઓફીસે ટેબલ ઉપર મુકવામાં આવેલ છે.

(૨) એજન્ડા પેપરમાં દાખલ કરેલ કામોને વ્યાખ્યા અગર સાર તરીકે ગણવાનાં નથી પરંતુ કામોના વિષયે સુચન છે.

# ખંભાત નગરપાલિકા, ખંભાત

આજ તારીખ.૩૦-૦૧-૨૦૧૮ને મંગળવાર ના રોજ સાંજે ૦૪-૩૦ કલાકે ખંભાત નગરપાલિકા કચેરીના બંબાખાના હોલમાં પ્રમુખશ્રી પરીમલબેન ભદ્રીકભાઈ શાહ ના અધ્યક્ષ સ્થાને ખાસ સામાન્ય સભા મળી હતી પ્રારંભમાં ઉપસ્થિત સદસ્યશ્રીઓની હાજરી રજીસ્ટરમાં સહી લેતા નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર છે.

હાજર સભ્યશ્રી ઓ.

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | શ્રી | પરીમલબેન ભદ્રીકભાઈ શાહ | પ્રમુખશ્રી | હાજર |
| (૨) | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા | ઉપપ્રમુખશ્રી | હાજર |
| (૩) | શ્રી | ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા | સભ્યશ્રી | હાજર |
| (૪) | શ્રી | આરીફાબાનુ મોહંમદયુસુફ પાનારા | સભ્યશ્રી | હાજર |
| (૫) | શ્રી | નગિનભાઈ રતિલાલ મહીડા | સભ્યશ્રી | હાજર |
| (૬) | શ્રી | પ્રકાશભાઈ નટવરલાલ પટેલ | સભ્યશ્રી | હાજર |
| (૭) | શ્રી | નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી | સભ્યશ્રી | હાજર |
| (૮) | શ્રી | મનિષાબેન મનોજભાઈ વાઘરી | સભ્યશ્રી | હાજર |
| (૯) | શ્રી | યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય | સભ્યશ્રી | હાજર |
| (૧૦) | શ્રી | વસંતલાલ ચીમનલાલ પટેલ | સભ્યશ્રી | હાજર |
| (૧૧) | શ્રી | અંબાબેન જગદીશભાઈ જાદવ | સભ્યશ્રી | હાજર |
| (૧૨) | શ્રી | મનીષાબેન દીપકભાઈ મીસ્ત્રી | સભ્યશ્રી | હાજર |
| (૧૩) | શ્રી | ધર્મેન્દ્રકુમાર તોગાભાઈ ભરવાડ | સભ્યશ્રી | હાજર |
| (૧૪) | શ્રી | કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતિ | સભ્યશ્રી | હાજર |
| (૧૫) | શ્રી | ભારતીબેન રમેશચંદ્ર રાણા | સભ્યશ્રી | હાજર |
| (૧૬) | શ્રી | કૌશીકભાઈ પ્રભુલાલ રાવ | સભ્યશ્રી | હાજર |
| (૧૭) | શ્રી | શારદાબેન જીતેન્દ્ર રાણા | સભ્યશ્રી | હાજર |
| (૧૮) | શ્રી | મંજુલાબેન કિશોરભાઈ રાણા | સભ્યશ્રી | હાજર |
| (૧૯) | શ્રી | શંકુતલાબેન બાબુભાઈ રાવળ | સભ્યશ્રી | હાજર |
| (૨૦) | શ્રી | મુકેશભાઈ શંકરભાઈ ભીલ | સભ્યશ્રી | હાજર |

| | | | | |
|---|---|---|---|---|
| (૨૧) | શ્રી | વિજયસિંહ ચંદુભાઈ પરમાર | સભ્યશ્રી | હાજર |
| (૨૨) | શ્રી | ઝરીનાબાનુ અબ્દુલહબીબ શેખ | સભ્યશ્રી | હાજર |
| (૨૩) | શ્રી | હંસાબેન કંચનલાલ રાણા (પઠાણ) | સભ્યશ્રી | હાજર |
| (૨૪) | શ્રી | મો.હનીફ અ.જમીલ શેખ | સભ્યશ્રી | હાજર |
| (૨૫) | શ્રી | ઈફતેખારહુસેન મુખ્તાર હુસેન યમની | સભ્યશ્રી | હાજર |
| (૨૬) | શ્રી | શિલ્પાબેન રાજેશભાઈ પટેલ | સભ્યશ્રી | હાજર |
| (૨૭) | શ્રી | ગીતાબેન રાજુભાઈ ચુનારા | સભ્યશ્રી | હાજર |
| (૨૮) | શ્રી | દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર | સભ્યશ્રી | હાજર |
| (૨૯) | શ્રી | પિન્કીબેન કેતનકુમાર રાણા | સભ્યશ્રી | હાજર |
| (૩૦) | શ્રી | સુમિત્રાબેન રણછોડભાઈ માછી | સભ્યશ્રી | હાજર |
| (૩૧) | શ્રી | રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા | સભ્યશ્રી | હાજર |
| (૩૨) | શ્રી | અશોકભાઈ રતીલાલ ખલાસી | સભ્યશ્રી | હાજર |

નીચે મુજબના સદસ્યશ્રીઓ પ્રમુખશ્રીને રજા રીપોર્ટ આપી ગેરહાજર રહેલ છે.

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | શ્રી | પ્રફુલ્લભાઈ મનુભાઈ ચુનારા | સભ્યશ્રી | ગેરહાજર |
| (૨) | શ્રી | ખુશમનભાઈ શાંતીલાલ પટેલ | સભ્યશ્રી | ગેરહાજર |
| (૩) | શ્રી | મીનાબેન ગોવિંદભાઈ રબારી | સભ્યશ્રી | ગેરહાજર |
| (૪) | શ્રી | ઈશ્વરભાઈ મોતીભાઈ પરમાર | સભ્યશ્રી | ગેરહાજર |

હાજરી લીધા બાદ સભાનું કોરમ પુરૂ થયું હોઈ પ્રમુખશ્રી તરફથી તમામ સદસ્યશ્રીઓને આવકારીને સભાનું કામ કાજ શરૂ કર્યુ.

# ખંભાત નગરપાલિકા, ખંભાત
# શોક ઠરાવ
## જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૧૬ તારીખ.૩૦–૦૧–૨૦૧૮

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકાના માજી સભ્યશ્રી હુસેનમીયાં મહેમુદમીયાં અકીકવાળા તારીખ.૧૬–૦૧–૨૦૧૮ના રોજ તેઓનું અવસાન થયેલ છે તેઓ ખંભાત નગરપાલિકામાં સને. ૧૯૭૯ થી ૧૯૮૪ સુધી સભ્યશ્રી રહેલ છે આજની આ સભા ઘેરા શોકની લાગણી અનુભવે છે તેઓના અવસાનથી તેઓના પરિવારજનો તથા તેમના સ્નેહીજનો ઉપર આવી પડેલ ખોટ સહન કરવાની શકિત આપે અને પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને ચીર શાંતી અર્પે એજ અભ્યર્થના.

આજની આ સભા સદગતના આત્માની શાંતિ અર્થે બે મીનીટ મૌન પાળી સદગત ને અંતઃકરણ પુર્વક શ્રધ્ધાંજલી અપર્ણ કરે છે.

"સર્વાનુમતે મંજુર"

સહી. પરીમલબેન બી. શાહ

પ્રમુખ

ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક.૧ તારીખ.૩૦–૦૧–૨૦૧૮

તારીખ.૨૧–૦૭–૨૦૧૭ ગત બોર્ડનું પ્રોસીડીંગ મંજુર કરવા બાબત.

જનરલ બોર્ડ ઠરાવ નંબર.૧૭ તારીખ. ૩૦–૦૧–૨૦૧૮

એજન્ડા ક્રમાંક : ૧ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી રોહીતભાઈ ટી. ખારવા તરફથી અને સદસ્યશ્રી વિજયસિંહ સી. પરમાર ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

તારીખ.૨૧–૦૭–૨૦૧૭ ગત બોર્ડનું પ્રોસીડીંગ મંજુર કરવામાં આવે છે.

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકાતાં વિપક્ષી સદસ્યશ્રી દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર તરફથી ઉપરોકત ઠરાવ બાબતે નીચે મુજબનો વિરોધ સદસ્યશ્રી કૌશીકભાઈ પ્રભુલાલ રાવ ના ટેકા સાથે રજુ થઈ.

સદર બાબતે જણાવવાનું કે ન.પા. તરફથી કોંગ્રેસ પક્ષના સભ્યોને કોઈપણ જાતની માહિતી પુરી પાડવામાં આવતી નથી. ખંભાત ન.પા.ના નિયમોમાં જણાવ્યા પ્રમાણે કોઈપણ ન.પા. સભ્યને કોઈપણ કાગળો વિના મુલ્યે આપવા માટે નિયમ હોવા છતાં ન.પા.ના – સત્તાધીશો આપખુદી વલણ રાખી માંગવામાં આવતા કાગળો આપવામાં આવતા નથી અને ઉધ્ધત જવાબ આપવામાં આવે છે. જે ઠરાવો બોર્ડમાં થાય છે તેના પ્રોસીડીંગસની કોપી પણ આપવામાં આવતી નથી વિરોધ પક્ષના કાઉન્સીલરોને માહીતીથી અલિપ્ત રાખવામાં આવે છે. આ બાબતે પ્રાંત ઓફીસરશ્રી, મા.કલેકટર સાહેબ, વિ.ને પણ વારંવાર જાણ કરી છે છતાં આ બાબતે કોઈપણ કાર્યવાહી થતી નથી જેથી અમો આઈટમ નં.૧ તા.૨૧–૦૭–૨૦૧૭ ગત બોર્ડમાં પ્રોસીડીગ્સ મંજુર કરવાનો વિરોધ કરીએ છીએ.

ઉપરોકત મુળ ઠરાવ સામે ઉપર જણાવેલ સભ્યશ્રીઓ ધ્વારા વિરોધ નોંધાવવામાં આવેલ છે પરંતુ નગરપાલિકાના મંજુર થયેલા નિયમોના પ્રકરણ ૧નો નિયમ ૩૨ મુજબ મુળ પ્રસ્તાવ સામે સુધારો રજુ થયેલ હોય તો જ તેની ઉપર મતદાન લઈ શકાય તેવી – જોગવાઈ હોવાના કારણે મતદાનની જરૂરીયાત ઉપસ્થીત થતી ન હોઈ મુળ ઠરાવ મંજુર કરવામાં આવે છે.

"મંજુર"

સહી. પરીમલબેન બી. શાહ

પ્રમુખ

ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક.૨ તારીખ.૩૦–૦૧–૨૦૧૮

નીચે જણાવેલ કર્મચારીઓ નિવૃત્ત થતાં હોવાથી તેઓને મળવા પાત્ર લાભો આપવા બાબત.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી નવીનભાઈ સોમાભાઈ હરીજન | નિવૃત્ત તારીખ.૩૧–૧૨–૨૦૧૭ |
| (૨) | શ્રી હંસાબેન ગોવિદભાઈ | નિવૃત્ત તારીખ.૩૧–૧૨–૨૦૧૭ |

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.૧૮ તારીખ. ૩૦–૦૧–૨૦૧૮

એજન્ડા ક્રમાંક : ૨ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી રોહીતભાઈ ટી. ખારવા તરફથી અને સદસ્યશ્રી વિજયસિંહ સી. પરમાર ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

નીચે જણાવેલ કર્મચારી નિવૃત/અવસાન થતાં હોવાથી તેઓને ખંભાત નગરપાલિકાના અધિનિયમ ૧૯૬૩ની કલમ ૨૭૧ તળેના મંજુર થયેલાનિયમો પ્રકરણ–૧૮ ના નિયમ ૧, ૨, અને ૪ ના પેટા નિયમો મુજબ પેન્શન, ગ્રેજયુઈટી અને વળતર ભથ્થાના નિયમો મુજબના લાભો નિવૃત્ત / અવસાન બાદના આપવા મંજુર કરવામાં આવે છે. વધુમાં પેન્શન મેળવનાર કર્મચારી પાસે પોતાનું પેઢીનામું તેમજ રજુ કરેલ તમામ પેપર્સ ખરા છે તેવું સ્ટેમ્પ પેપર ઉપર સોગદનામું મેળવી રજુ કર્યા બાદ તમામ પેપર્સ અને ફોર્મ ભરીને – એકઝીકયુટીવ કમીટી સમક્ષ રજુ કર્યા બાદ પેન્શન ચુકવણી કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી નવીનભાઈ સોમાભાઈ હરીજન | નિવૃત્ત તારીખ.૩૧–૧૨–૨૦૧૭ |
| (૨) | શ્રી હંસાબેન ગોવિદભાઈ | નિવૃત્ત તારીખ.૩૧–૧૨–૨૦૧૭ |

"સર્વાનુમતે મંજુર"

સહી. પરીમલબેન બી. શાહ

પ્રમુખ

ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક.૩ તારીખ.૩૦–૦૧–૨૦૧૮

એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૦૮ તારીખ.૧૪–૦૮–૨૦૧૭ થી એકઝી–કયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૪૭ તારીખ.૨૯–૧૨–૨૦૧૭ સુધીના ઠરાવો મંજુર કરવા બાબત

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.૧૯ તારીખ.૩૦–૦૧–૨૦૧૮

એજન્ડા ક્રમાંક : ૩ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી રોહીતભાઈ ટી. ખારવા તરફથી અને સદસ્યશ્રી વિજયસિંહ સી. પરમાર ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૦૮ તારીખ.૧૪–૦૮–૨૦૧૭ થી એકઝી–કયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૪૭ તારીખ.૨૯–૧૨–૨૦૧૭ સુધીના ઠરાવો મંજુર કરવામાં આવે છે.

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકાતાં વિપક્ષી સદસ્યશ્રી દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર તરફથી ઉપરોકત ઠરાવ બાબતે નીચે મુજબનો વિરોધ સદસ્યશ્રી કૌશીકભાઈ પ્રભુલાલ રાવ ના ટેકા સાથે રજુ થઈ.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૧૦</u>

આ ઠરાવ "મહાત્મા ગાંધી સર્કલ રીનોવેશનની કામગીરી અંગેનો છે.

સદર બાબતે જણાવવાનું કે આ મહાત્મા ગાંધી સર્કલના રીનોવેશન માટે અગાઉ રકમો ફાળવેલછે આ ઠરાવની રકમ પણ રીનોવેશન માટેની છે ત્યારે હાલમાં આ સર્કલ સંપુર્ણ પણે તોડી પડાયું છે.

તો આ બાબતે ન.પા. કઈ રીતે રીનોવેશન કરવા માંગે છે કે નવેસરથી બનાવવા માંગે છે. આ બાબતની ઠરાવમાં કોઈ ચોખવટ નથી માટે સદર ઠરાવનો અમો વિરોધ કરીએ છીએ.

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકાતાં વિપક્ષી સદસ્યશ્રી દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર તરફથી ઉપરોકત ઠરાવ બાબતે નીચે મુજબનો વિરોધ સદસ્યશ્રી હંસાબેન – કંચનલાલ રાણા ના ટેકા સાથે રજુ થઈ.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૧૫</u>

સદર ઠરાવ ખંભાત નગરપાલિકા હસ્તકના માદળા તળાવ બાગમાં કન્સ્ટ્રકશન ઓફ ઓડીટોરીયમ હોલ બનાવવાની કામગીરી નિધિ બિલ્ડર્સ નવસારી વાળાને તેઓનું ટેન્ડર મંજુર કરી સુ.જા.નં.૩૨૯૫ તા.૨–૧–૧૬ થી કામગીરી શરૂ કરવા માટેનો છે પરંતુ કામ બંધ થતાં તેઓની અર્નેસ્ટમનીની રકમ પરત આપવા અંગેનો છે.

સદર બાબતે જણાવવાનું કે સદર બાંધકામ હાલ નામદાર ખંભાત સીવીલ કોર્ટનો મનાઈ હુકમ છે સાથે અર્નેસ્ટ મનીની રકમ કેટલી છે તેનો પણ કોઈ ઉલ્લેખ નથી જેથી જયાં સુધી આ કેસનો નિકાલ ન આવે ત્યાં સુધી આ બાંધકામ બાબતની કોઈપણ કામગીરી

થઈ શકે નહી ડીપોઝીટ પરત આપી શકાય નહી માટે સદર ઠરાવનો અમો વિરોધ કરીએ છીએ.

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકાતાં વિપક્ષી સદસ્યશ્રી દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર તરફથી ઉપરોકત ઠરાવ બાબતે નીચે મુજબનો વિરોધ સદસ્યશ્રી ધર્મેન્દ્રકુમાર તોગાભાઈ ભરવાડ ના ટેકા સાથે રજુ થઈ.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૨૩</u>

સદર ઠરાવ ખંભાત નગરપાલિકાના લાઈટ ખાતાના વિભાગની લીડરવાન નંબર જી.જે.૨૩ જી. ૪૪૩ છોટા હાથી ટેમ્પાની ૧૨ વોલ્ટની બેટરી ચોરાઈ જવાથી તે તાત્કાલીક નવી ખરીદવા અંગેનો છે.

આ બાબતે જણાવવાનું કે આ બેટરી ચોરાયા અંગેની કોઈ ફરીયાદ કરી છે કે કેમ? બેટરી કયારે ચોરાઈ ? બેટરી ચોરાઈ ત્યારે લીડરવાન કોની પાસે અને કયાં હતી ? આ બધી જ બાબતો અંગે કોઈ ચોકકસ ખુલાસો નથી તો જવાબદાર વ્યકિતઓ સામે કાર્યવાહી પણ કરવામાં નથી આવી માટે અમો આ ઠરાવનો વિરોધ કરીએ છીએ.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૨૪</u>

આ ઠરાવ ટ્રેકટર નંબર. જી.જે.૨૩ ૦૪૨૮ દરીયામાં ફસાઈ જવાથી જુદા જુદા ચકકરો વિ.ને નુકશાન થયેલ હોઈ તે ટ્રેકટરને રીપેર કરવા બાબતનો ઠરાવ છે.

સદર ઠરાવ બાબતે જણાવવાનું કે કર્મચારી ડ્રાઈવરની નાની ભુલ ને કારણે આટલો મોટો ખર્ચ ન.પા.એ કરવાનો છે.

સદર ઠરાવ બાબતે જણાવવાનું કે ન.પા.એ આ નુકશાન થવા બદલ શું કાર્યવાહી થઈ અને કયારે ટ્રેકટર બંધ પડયુ અને કયારે રીપેર કરવાનું છે આ બાબતની કોઈપણ પ્રકારની ચોખવટ નહી હોવાને કારણે અમો આવા ન.પા.ને આર્થીક નુકશાન થનાર ઠરાવ નો વિરોધ કરીએ છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૨૭</u>

આ ઠરાવ ભુગર્ભ ગટર યોજના અંતર્ગત સાફ સફાઈ અને સંચાલન બાબતનો છે

સદર બાબતે આ ઠરાવમાં ગટરોની સાફ સફાઈ અને સંચાલનની કામગીરી અંગેનો છે આ બાબતમાં શું કામગીરી ? સંચાલન કઈ રીતે કરવાનું ? અને તેના નિતિ નિયમો અને કરાર બાબતે કોઈ ઉલ્લેખ નથી આવા ઠરાવનો અમો વિરોધ કરીએ છીએ.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૨૮ થી ૧૪૧</u>

સદર બાબતે જણાવવાનું કે એકઝીકયુટીવ કમીટીના ઠરાવ નં. ૧૨૮ થી ઠરાવ નં. ૧૪૧ માં કયા કામગીરીના ઠરાવો છે સદર ઠરાવો ન.પા.ની વેબસાઈડ પર પણ ખુલતા નથી આ બાબતે કોમ્પ્યુટર રૂમમાં તા.૨૯–૧–૨૦૧૮ના રોજ કોઈપણ કર્મચારી હાજર

નથી જેથી વિરોધ પક્ષના કાઉન્સીરો આ તમામ ઠરાવોથી અવગત નથી માટે ઠરાવ નં. ૧૨૮ થી ઠરાવ નં. ૧૪૧ સુધીના તમામ ઠરાવોનો અમો વિરોધ કરીએ છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૪૨</u>

સદર ઠરાવ ગોપાલ ટોકીઝ સામે ત્રિકોણીયા પાસે માદળા તળાવની પુરાણ થયેલ જગ્યા પર બાંધકામ કરવા અંગેનો છે.

સદર બાબતે શરૂઆતથી જ કોર્ટમાં છે આજે પણ આજ બાબત શહેરી વિકાસમાં ચાલુ છે જેનો આખરી નિર્ણય આવેલ નથી આમ છતાં ખંભાત નગરપાલિકા આ બાંધકામ ગેરકાયદેસર રીતે ચાલુ રાખે છે ત્યારે સદર બાંધકામ અંગેના ખર્ચની જવાબદારી જે તે કાઉન્સીલરની છે ત્યારે આ બાબતે સરકારશ્રીના પરિપત્રો પણ છે અંડર કોર્ટ જયુડીશીયલ મેટર પણ છે આમ છતાં તેમાં ગેરકાયદેસર રીતે કામગીરી કરવામાં આવે છે તેનો અમો વિરોધ કરીએ છીએ.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૪૩</u>

સદર ઠરાવ માદળા તળાવની પુરાણ થયેલ જગા પર બાંધકામનો છે આ ઠરાવમાં જણાવ્યા પ્રમાણે ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ નં.નપલ/૪૫૯૩/એમ.એલ.એ./૧૨/બ/સચીવાલય ગાંધીનગરના તા.૧૫–૯–૧૯૯૩ ના ઠરાવથી માદળા તલાવનું આવેલ કુલ ક્ષેત્રફળ પૈકી ૧૭૮૩–૪૫–૫૩ ચો.મી. જમીન વાણિજય હેતુ માટે ફેરફાર થયેલ હોવાનું જણાવેલ છે અને તેથી બંધાયેલ દુકાનોની હરાજી કરવા અંગેનો છે.

સદર બાબતે ન.પા. ધ્વારા તદ્દન ખોટી અને વિપરીત રજુઆત કરી તમામ લોકોને ગેર માર્ગે દોરવાનો પ્રયાસ કરી રહી છે મે. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ના ઠરાવથી આ જમીન વાણિજય હેતુ માટે ફરેફાર થતી નથી ફકત સદર જગાએ જે લોકોને ન.પા.એ અગાઉ દુકાનો માટે જગ્યા ફાળવેલ છે તેજ લોકોને સદર જગા વેચાણથી આપવા અને તેના નાણાં કામદારોના પગારમાં ખર્ચવાનો હુકમ કરેલ છે આ ઉપરાંત સદર બાબતે મે. શહેરી વિકાસ ને ગૃહ નિર્માણ સવિચમાં સદર મેટર પેન્ડીગ છે તેથી સદર જગાએ કોઈ પણ બાંધકામ કરી નોન રીફડેબલ પ્રિમીયમથી કોઈપણ કાર્યવાહી ન.પા. કરી શકે નહી જયાં સુધી કોર્ટમાં આ બાબતનો આખરી ફેસલો ન આવે ત્યા સુધી કોઈપણ કાર્યવાહી થઈ શકે નહી માટે અમો સદર ઠરાવનો વિરોધ કરીએ છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૪૫</u>

સદર ઠરાવ ન.પા.ને મળેલ ગ્રાંટમાંથી રોડ રસ્તાના કામ અંગે ન.પા.ના વોર્ડ નં.૧ થી ૧૨ માં કુલ ૧૦૮.૦૦ લાખના કામો નાણાં પંચની ગાઈડ લાઈન મુજબ જરૂરી કાર્યવાહી કરવા જા × ખ આપવા અંગેનો છે તથા ત્રિકોણીયા શો. સેન્ટર બનાવવાની અધુરી કામગીરી

અંગેનો છે.

સદર ઠરાવમાં ત્રિકોણીયાની અધુરી કામગીરી અંગેની જે હકીકતો છે તે સદંતર ખોટી છે. ન.પા. જાણતી હોવા છતાં કે આ મેટર અંડર જયુડીશ મેટર છે તેમ છતાં આવા ગતકડા ઉભા કરે છે તે ખોટું છે માટે સદર ઠરાવમાં સામેલ ત્રિકોણીયા બાબતની હકીકતનો અમો વિરોધ કરીએ છીએ.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૫૮</u>

સદર ઠરાવ સરદાર ટાવર પાસે આવેલ ધર્મશાળા તથા મેટરનીટી હોમ તરીકે ઓળખાતી જેનો સર્વે નં. ૩/૨૮૦૯/અ તથા ૨૮૦૯/બ માં નવી બંધાયેલ દુકાનો ગ્રાઉન્ડ ફલોર તથા પ્રથમ માળે નોન રીફન્ડેબલ પ્રિમિયમથી માસિક લાયસંસ ફી થી આપવા અંગેનો તથા નામકરણ અંગેનો છે.

સદર બાબતે ઠરાવમાં જણાવેલ ૩/૨૮૦૯/અ તથા ૩/૨૮૦૯/બ વાળી જમીન ડી–૧ પ્રકારની છે સદર બાબતે કલેકટરશ્રી તથા નિયામકશ્રી વિ. માં રજુઆત કરેલ છે અને સદર જમીન વાણિજય હેતુ માટે આપી શકાય કે કેમ? એ પ્રશ્ન છે ત્યારે જયારે આ પ્રકરણ વિવાદમાં હોય ત્યારે ન.પા. આ બાબતનો કોઈ નિર્ણય લઈ કામગીરી કરી શકે નહી જેથી સદર ઠરાવનો અમો વિરોધ કરીએ છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૬૩</u>

આ ઠરાવ "સ્થંભતિર્થ કોમ્પલેક્ષ" માં જરૂરી જે કાંઈપણ વધારાની કામગીરી કરાવવાની થાય તે અને ટેન્ડરમાં ખુટતી રકમો આ રકમ પૈકી વાપરવા, ચુકવણું કરવા અંગેનો છે.

સદર ઠરાવ બાબતે જણાવવાનું કે સદર કોમ્પલેક્ષ બાબતે નગરપાલિકાએ શરૂઆતથી જ વિરોધ પક્ષને અંધારામાં રાખેલ છે કોઈપણ પ્રકારની માહીની આપવામાં આવી નથી સદર બાંધકામ વિષે તથા તેના ટેન્ડરની શરતો વિ. કોઈપણ પ્રકારની જાણ વિરોધ પક્ષને નથી વિરોધ પક્ષને વિશ્વાસમાં લીધા વિના તમામ કાર્યવાહી ખોટી અને ગેરકાયદેસર રીતે થઈ રહેલ હોવાથી તેનો અમો વિરોધ કરીએ છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૬૪</u>

સદર ઠરાવ માદળા તળાવની પુરાણ થયેલ જગા પર કોમ્પલેક્ષ બાધી તેની દુકાનોની હરાજી કરવાનો છે.

સદર બાબત મે.સચિવશ્રી શહેરી વિકાસ અને ગૃહ નિર્માણમાં પેન્ડીંગ છે સદર બાબતનો આખરી ચુકાદો ન આવે ત્યાં સુધી કોઈ કામગીરી થઈ શકે તેમ નથી આમ છતાં ન.પા. વારંવાર કાયદાનું ઉલ્લંઘન કરી કામગીરી કરે છે અને સૌને બેવકુફ બનાવે છે અને ઠરાવમાં જણાવ્યા પ્રમાણે હરાજીની કાર્યવાહી રદ કરવાની જગ્યાએ હાલ મોકુફ રાખવામાં

આવે છે જયારે આ બાબતનો નિકાલ આવી જાય કે તરત આગળની કાર્યવાહી કરવાનું ઠરાવમાં જણાવેલ છે જે ખોટું છે સદર બાબતનો કાયદાકીય રીતે આખરી નિકાલ ન આવે ત્યાં સુધી કોઈ કામગીરી થઈ શકે તેમ નથી માટે સદર બાબતનો અમો વિરોધ કરીએ છીએ.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૭૦</u>

સદર ઠરાવ વખારીયા મેન્શન શોપીગ સેન્ટર બનાવવાની કામગીરી અંગેનો છે.

સદર બાબતે સદર જગા વિવાદિત છે અને તે બાબતે કાયદાકીય કાર્યવાહી થઈ રહી છે જેથી જયાં સુધી આખરી નિકાલ ન આવે ત્યાં સુધી કોઈ કામગીરી કરી શકાય નહી માટે અમો આ ઠરાવનો વિરોધ કરીએ છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૯૦</u>

સદર ઠરાવ આણંદ ડીસ્ટ્રીકટ કોર્ટમાં નગરપાલિકાના કર્મચારીને જવાનું હોવાથી વિસ્ટ્રા ગાડી ભાડે કરી ભાડુ ચુકવવા અંગેનો છે.

સદર બાબતે ગાડી ભાડે લઈ બહાર ગામ જવા અંગેનો છે તો કોઈપણ કર્મચારીને બહાર ગામ જવાનું હોઈ તો ન.પા.ની ગાડી ન હોય તો બસમાં પણ પ્રવાસ જઈ શકે છે માટે વારંવાર થતાં ગાડી ભાડાઓના ઠરાવોનો અમો વિરોધ કરીએ છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૦૭</u>

સદર ઠરાવ રોજીંદા પગારથી કામ પર રાખવા અંગેનો છે.

સદર ઠરાવ બાબતે નગરપાલિકામાં જુદા જુદા વિભાગોમાં દૈનિક વેતન તથા માસિક વેતનથી કામદારોને કામે રાખવા અંગેનો છે આ તમામ કામદારો ન.પા.ની મનસુફીથી રખાય છે આ બાબતે નગરપાલિકા નિયામકશ્રીની ગાઈડ લાઈન અને માર્ગદર્શન લેવું જોઈએ અને વારંવાર ત્રણ માસ માટે વેતનથી ઉચ્ચક કામદારો રાખવામાં આવતા હોવાથી કોઈની પણ કોઈ જવાબદારી રહેતી નથી જેથી નિયામકશ્રીની મજુરી લીધા બાદ ઉચ્ચક પગારથી કામદારો રાખવા જોઈએ તેમ કરવામાં નહી આવતા આવા તમામ ઠરાવોનો અમો વિરોધ કરીએ છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૧૩</u>

સદર ઠરાવ ખંભાત નગરપાલિકાની માલીકીની સરદાર ટાવર પાસે આવેલ મિલકત જેનો સીટી સર્વે નં.૩/૨૮૦૯/અ તથા ૩/૨૮૦૯/બ વાળી મીલકતમાં નવનિર્મિત સ્થંભતીર્થ કોમ્પ્લેક્ષમાં ગ્રાઉન્ડ ફલોરની ૧૬(સોલ) દુકાન જાહેર હરાજીથી આપવા એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૧૫૮ તા.૮–૯–૨૦૧૭ થી હરાજી રાખવામાં આવેલ જોતા નં.૧ થી ૧૬ ની હરાજી કરી રકમો બોલેલ છે સદર બોલી મંજુર કરવા માટેનો છે.

સદર ઠરાવ બાબતે જણાવવાનું કે સીટી સર્વે નંબર. ૩/૨૮૦૯/અ તથા ૩/૨૮૦૯/બ વાળી મીલકતો ડી/૧ પ્રકારની આવેલી છે સદર જમીનો પર વાણિજય અંગે કે અન્ય કોઈ

વ્યાપાર અર્થે વાપરી શકાય નહી કે તેના નાણાં ઉપજાવી શકાય નહી સરકારશ્રી ની – પરવાનગી લઈ અને બાંધકામ બાબતે પણ સરકારશ્રીની મંજુરી લઈ અન્ય ઉપયોગ થઈ શકે નહી આ બાબતે કલેકટરશ્રી તથા નિયામકશ્રીને પણ રજુઆત થયેલ છે તો જયાં સુધી ચોકકસ ન થાય ત્યાં સુધી કોઈ કામગીરી કરવી તે કાયદેસર નથી માટે અમો સદર ઠરાવનો વિરોધ કરીએ છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૧૬</u>

સદર ઠરાવ નગરપાલિકા વિસ્તારમાં ગોપાલ ટોકીઝ પાસે ત્રિકોણીયા શો. સેન્ટર તેમજ સ્થંભતીર્થ કોમ્પ્લેક્ષ બનાવવાની કામગીરી થઈ રહેલ છે આ શોપીગ સેન્ટરના ઉપરના ભાગે એલ.ઈ.ડી. સ્કીન નંગ–૨(બે) ૨૦ × ૧૦ ની સાઈઝમાં બનાવવા અંગેનો છે.

સદર ઠરાવ બાબતે જણાવવાનું કે ઠરાવમાં જણાવ્યા પ્રમાણે ત્રિકોણીયા શો.સેન્ટર હાલ અન્ડર જયુડીશ મેટર છે તથા સ્થભતીર્થ શો. સેન્ટર બાબતે પણ સરકારશ્રીમાં રજુઆત થયેલ છે ત્યારે આવા વિવાદિત સ્થળે કામગીરી કરવાથી નગરપાલિકાને ખુબ જ મોટું આર્થિક નુકશાન થાય તેમ હોવાથી હાલ પુરતુ આ ઠરાવનો વિરોધ કરીએ છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૩૪</u>

સદર ઠરાવ ખંભાત નગરપાલિકાના ફાયર બ્રિગેડ વિભાગમાં મીની ફાયર ટેન્ડર જી.જે.૨૩ જી. ૭૦૬૦ની ચેસીસ વચ્ચેથી તુટી ગયેલ જેને રીપેરીગ કરવા માટેનો ઠરાવ છે.

સદર ઠરાવ બાબતે જણાવવાનું કે ન.પા.ના ફાયર વિભાગમાં મીની ફાયરમાં આટલું મોટું નુકશાન કયારે અને કેવી રીતે થયુ તેવી કોઈ બાબત ઠરાવમાં જણાવેલ નથી આવી બાબતોથી વિરોધ પક્ષને અંધારામાં રાખવામાં આવેલ છે. કોઈપણ બાબતની જાણ કરવામાં આવતી નથી નગરપાલિકાને આવી રીતે આર્થિક નુકશાન સહન કરવું પડે છે માટે અમો આ ઠરાવનો વિરોધ કરીએ છે.

ઉપરોકત મુળ ઠરાવ સામે ઉપર જણાવેલ સભ્યશ્રીઓ ધ્વારા વિરોધ નોંધાવવામાં આવેલ છે પરતું નગરપાલિકાના મંજુર થયેલા નિયમોના પ્રકરણ ૧નો નિયમ ૩૨ મુજબ મુળ પ્રસ્તાવ સામે સુધારો રજુ થયેલ હોય તો જ તેની ઉપર મતદાન લઈ શકાય તેવી – જોગવાઈ હોવાના કારણે મતદાનની જરૂરીયાત ઉપસ્થીત થતી ન હોઈ મુળ ઠરાવ મંજુર કરવામાં આવે છે.

"મંજુર"

સહી. પરીમલબેન બી. શાહ

પ્રમુખ

ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક.૪ તારીખ.૩૦–૦૧–૨૦૧૮

વોટર વર્કસ કમીટી ઠરાવ નંબર. ૦૨ તારીખ.૧૭–૦૭–૨૦૧૭ થી વોટર વર્કસ કમીટી ઠરાવ નંબર. ૦૩ તારીખ.૨૫–૧૦–૨૦૧૭ સુધીના ઠરાવો મંજુર કરવા બાબત

## જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૨૦ તારીખ.૩૦–૦૧–૨૦૧૮

એજન્ડા ક્રમાંક : ૪ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી વિજયસિંહ સી. પરમાર તરફથી અને સદસ્યશ્રી પ્રકાશભાઈ એન. પટેલ ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

વોટર વર્કસ કમીટી ઠરાવ નંબર. ૦૨ તારીખ.૧૭–૦૭–૨૦૧૭ થી વોટર વર્કસ કમીટી ઠરાવ નંબર. ૦૩ તારીખ.૨૫–૧૦–૨૦૧૭ સુધીના ઠરાવો મંજુર કરવામાં આવે છે.

"સર્વાનુમતે મંજુર"

સહી. પરીમલબેન બી. શાહ
પ્રમુખ
ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક.૫ તારીખ.૩૦–૦૧–૨૦૧૮

ખંભાત વિસ્તાર વિકાસ સત્તા મંડળ કમીટી ઠરાવ નંબર.૩૨ તારીખ.૦૯–૧૦–૨૦૧૭ સુધીના ઠરાવો મંજુર કરવા બાબત

જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૨૧ તારીખ. ૩૦–૦૧–૨૦૧૮

એજન્ડા ક્રમાંક : ૫ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી વિજયસિંહ સી. પરમાર તરફથી અને સદસ્યશ્રી નગીનભાઈ આર. મહીડા ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

ખંભાત વિસ્તાર વિકાસ સત્તા મંડળ કમીટી ઠરાવ નંબર.૩૨ તારીખ.૦૯–૧૦–૨૦૧૭ સુધીના ઠરાવો મંજુર કરવામાં આવે છે.

"સર્વાનુમતે મંજુર"

સહી. પરીમલબેન બી. શાહ

પ્રમુખ

ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક.૬ તારીખ.૩૦–૦૧–૨૦૧૮

લાઈટ કમીટી ઠરાવ નંબર. ૧૪ તારીખ.૧૩–૦૯–૨૦૧૭ સુધીના ઠરાવ મંજુર કરવા બાબત.

જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૨૨ તારીખ. ૩૦–૦૧–૨૦૧૮

એજન્ડા ક્રમાંક : ૬ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી વિજયસિંહ સી. પરમાર તરફથી અને સદસ્યશ્રી પ્રકાશભાઈ એન. પટેલ ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

લાઈટ કમીટી ઠરાવ નંબર. ૧૪ તારીખ.૧૩–૦૯–૨૦૧૭ સુધીના ઠરાવ મંજુર કરવામાં આવે છે.

"સર્વાનુમતે મંજુર"

સહી. પરીમલબેન બી. શાહ

પ્રમુખ

ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક.૭ તારીખ.૩૦–૦૧–૨૦૧૮

સેનીટેશન કમીટી ઠરાવ નંબર. ૦૧ તારીખ.૩૧–૦૫–૨૦૧૭ થી સેનીટેશન કમીટી ઠરાવ નંબર. ૧૨ તારીખ.૩૧–૦૫–૨૦૧૭ સુધીના ઠરાવ મંજુર કરવા બાબત.

## જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૨૩ તારીખ. ૩૦–૦૧–૨૦૧૮

એજન્ડા ક્રમાંક : ૭ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી શારદાબેન જે. રાણા તરફથી અને સદસ્યશ્રી શંકુતલાબેન બી રાવળ ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

સેનીટેશન કમીટી ઠરાવ નંબર. ૦૧ તારીખ.૩૧–૦૫–૨૦૧૭ થી સેનીટેશન કમીટી ઠરાવ નંબર.૧૨ તારીખ.૩૧–૦૫–૨૦૧૭ સુધીના ઠરાવ મંજુર કરવામાં આવે છે.

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકાતાં વિપક્ષી સદસ્યશ્રી દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર તરફથી ઉપરોકત ઠરાવ બાબતે નીચે મુજબનો વિરોધ સદસ્યશ્રી ધર્મેન્દ્રકુમાર તોગાભાઈ ભરવાડ ના ટેકા સાથે રજુ થઈ.

<u>સેનીટેશન કમીટી ઠરાવ નંબર. ૦૯</u>

આ ઠરાવ અશ્વિનભાઈ રણછોડભાઈ પટેલ ઠે. ત્રણ બત્તી, વોરવાડના નાકે કૃષ્ણ સ્વીટ સામે મ્યુની. બ્લોક નં. ઠ/૦૫૭૭/૩, ઠ/૦૫૭૩/૪, ઠ/૫૭૩/૫ વાળી મિલકતમાં ૫ એચ.પી.ની થ્રી ફેઝ મોટર મુકવા ઈલેકટ્રીક કનેકશન મેળવવા એન.ઓ.સી. ની માંગણી કરેલ છે.

સદર ઠરાવમાં જણાવેલ મીલકતોની બાબતે કોર્ટ કેસ થયેલો છે અને હાલ તે ખંભાત એસ.ડી.કોર્ટમાં ચાલુ છે જેથી આ મેટર અન્ડર જયુડીશ મેટર હોવાથી કાયદાકીય રીતે એન.ઓ.સી. આપવી હિતાવહ નથી માટે જયારે આ વિવાદનો અંત આવે ત્યાર બાદ યોગ્ય થઈ શકે તેમ હોવાની અમો આ ઠરાવનો વિરોધ કરીએ છીએ.

"મંજુર"

સહી. પરીમલબેન બી. શાહ
પ્રમુખ
ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક.૮ તારીખ.૩૦–૦૧–૨૦૧૮

ગુજરાત મ્યુની. એકટ ૧૯૬૩ ની કલમ ૭૬(૨) પેરા નંબર. ૨ મુજબ ખંભાત નગરપાલિકાના તારીખ. ૦૧–૦૭–૨૦૧૭ થી તારીખ.૩૦–૦૯–૨૦૧૭ સુધીના ત્રિમાસીક હિસાબો મંજુર કરવા બાબત.

જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૨૪ તારીખ.૩૦–૦૧–૨૦૧૮

એજન્ડા ક્રમાંક : ૮ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી શારદાબેન જે. રાણા તરફથી અને સદસ્યશ્રી શંકુતલાબેન બી રાવળ ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

ગુજરાત મ્યુની. એકટ ૧૯૬૩ ની કલમ ૭૬(૨) પેરા નંબર. ૨ મુજબ ખંભાત નગરપાલિકાના તારીખ. ૦૧–૦૭–૨૦૧૭ થી તારીખ.૩૦–૦૯–૨૦૧૭ સુધીના ત્રિમાસીક હિસાબો મંજુર કરવામાં આવે છે.

જુલાઈ – ૨૦૧૭ થી સપ્ટેમ્બર – ૨૦૧૭ સુધીના હિસાબો

| ક્રમ | વિગત | રકમ |
|---|---|---|
| ૧ | તા.૦૧–૦૭–૨૦૧૭ની ઉઘડતી સિલક | ૮૬૭૦૦૭૩૮૪.૩૩ |
| ૨ | તા.૦૧–૦૭–૨૦૧૭ થી ૩૦–૦૯–૨૦૧૭ સુધીની કુલ આવક | ૯૩૨૭૧૯૯૪.૦૦ |
| ૩ | તા.૦૧–૦૭–૨૦૧૭ થી ૩૦–૦૯–૨૦૧૭ સુધીની કુલ જાવક | ૭૭૦૩૧૮૮૬.૦૦ |
| ૪ | તા.૩૦–૦૯–૨૦૧૭ ની બંધ સિલક | ૧૦૨૯૪૭૪૯૨.૩૩ |

"સર્વાનુમતે મંજુર"

સહી. પરીમલબેન બી. શાહ

પ્રમુખ

ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક.૯ તારીખ.૩૦–૦૧–૨૦૧૮

ગુજરાત મ્યુની. એકટ ૧૯૬૩ ની કલમ ૭૬(૨) પેરા નંબર. ૨ મુજબ ખંભાત નગરપાલિકાના તારીખ. ૦૧–૧૦–૨૦૧૭ થી તારીખ.૩૧–૧૨–૨૦૧૭ સુધીના ત્રિમાસીક હિસાબો મંજુર કરવા બાબત.

જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૨૫ તારીખ.૩૦–૦૧–૨૦૧૮

એજન્ડા ક્રમાંક : ૯ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી વિજયસિંહ સી. પરમાર તરફથી અને સદસ્યશ્રી વસંતલાલ સી. પટેલ ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

ગુજરાત મ્યુની. એકટ ૧૯૬૩ ની કલમ ૭૬(૨) પેરા નંબર. ૨ મુજબ ખંભાત નગરપાલિકાના તારીખ. ૦૧–૧૦–૨૦૧૭ થી તારીખ.૩૧–૧૨–૨૦૧૭ સુધીના ત્રિમાસીક હિસાબો મંજુર કરવામાં આવે છે.

ઓકટોબર – ૨૦૧૭ થી ડીસેમ્બર – ૨૦૧૭ સુધીના હિસાબો

| ક્રમ | વિગત | રકમ |
|---|---|---|
| ૧ | તા.૦૧–૧૦–૨૦૧૭ની ઉઘડતી સિલક | ૧૦૨૯૪૭૪૯૨.૩૩ |
| ૨ | તા.૦૧–૧૦–૨૦૧૭ થી ૩૧–૧૨–૨૦૧૭ સુધીની કુલ આવક | ૧૪૫૭૬૪૮૩૪.૦૦ |
| ૩ | તા.૦૧–૧૦–૨૦૧૭ થી ૩૧–૧૨–૨૦૧૭ સુધીની કુલ જાવક | ૧૧૬૪૨૭૬૦૨.૦૦ |
| ૪ | તા.૩૧–૧૨–૨૦૧૭ ની બંધ સિલક | ૧૩૨૨૮૪૭૨૪.૩૩ |

"સર્વાનુમતે મંજુર"

સહી. પરીમલબેન બી. શાહ

પ્રમુખ

ખંભાત નગરપાલિકા, ખંભાત